સુવિચાર : જે સ્વયં શક્તિશાળી હોવા છતાં દુર્બળની વાતો સહન કરે છે તેને ઉત્તમ ક્ષમાવાન કહેવામાં આવે છે - બુદ્ધ

તાપમાન
મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૧૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૨૯ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૯૨ | ૨ જાન્યુઆરી, ૨૦૧૬, શનિવાર ; માગશર વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## બજેટ બાદ સેંસેક્સ વિક્રમ સપાટી પર જશે

**૨૦૧૬માં સેંસેક્સ ૩૫૦૦૦ની સપાટી સુધી પહોંચશે : શેરબજાર સાથે જોડાયેલા કારોબારીઓ માટે નવા વર્ષના પ્રથમ દિવસે ખુશીના સમાચાર : સુધારા પગલા, કમાણીના સારા આંકડાઓની અસર જોવા મળશે**

નવીદિલ્હી,તા. ૧

કેલેન્ડર વર્ષ ૨૦૧૫ની પૂર્ણાહૂતિ થઈ ચુકી છે પરંતુ શેરબજાર માટે સારા સમાચાર છે. મોટાભાગના આર્થિક નિષ્ણાતોએ અભિપ્રાય આપતા કહ્યું છે કે, વર્ષ ૨૦૧૬માં સેંસેક્સ ૩૫૦૦૦ની સપાટી સુધી પહોંચી શકે છે. ગુરુવારના દિવસે બંધ થયેલા સેંસેક્સના આંકડા કરતા તેમાં ૩૦ ટકાનો વધારો જોવા મળી શકે છે. સેંસેક્સ ૩૦ ટકા ઉછળીને ૩૫૦૦૦ની સપાટી સુધી પહોંચી જશે તેવો દાવો કરવામાં આવ્યો છે. અગ્રણી માર્કેટિંગ નિષ્ણાતો, બ્રોકરેજ કંપનીઓ દ્વારા કરાયેલા સર્વેમાં જાણવા મળ્યું છે કે, નિફ્ટી કેલેન્ડર વર્ષ ૨૦૧૬માં સુધરીને ૧૧૦૦૦ સુધી પહોંચી શકે છે. કેલેન્ડર વર્ષ ૨૦૧૬માં નિફ્ટીમાં ૩૮ ટકાનો વધારો થશે અને

નિફ્ટી ડિસેમ્બર ૨૦૧૬ સુધી ૧૧૦૦૦ની સપાટી સુધી પહોંચશે. કોર્પોરેટ કમાણીમાં તેજી, સુધારાના પગલા, વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારો દ્વારા મોટાપાયે રોકાણ જેવા પરિબળોની સીધી અસર થશે અને શેરબજારમાં રિકવરી રહેશે. માર્ચ ૨૦૧૫માં સેંસેક્સમાં ૩૦૦૨૪ની સપાટી જોવા મળી હતી જે હજુ સુધીની સૌથી ઉંચી સપાટી હતી. ત્યારબાદ ૨૦૧૫માં સેંસેક્સમાં ૪૦૦૦ પોઈન્ટનો ઘટાડો થયો છે. આ વર્ષે ઈન્ડેક્સમાં વૈશ્વિક ચિંતાઓને લઈને છ ટકાનો ઘટાડો રહ્યો હતો. યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારો કરાયા બાદ ચિંતા ફરી વળી હતી. કોમોડિટીના ભાવમાં કડાકો બોલી ગયો હતો. યેનનું અવમુલ્યન થયું છે. વૈશ્વિક આર્થિક મંદી જોવા મળી છે. ૨૦૧૫માં ઈક્વિટી બેંચમાર્કમાં સૌથી નિરાશાજનક સ્થિતિ રહી હતી. ચાર વર્ષની નીચી સપાટીએ ઈક્વિટી બેંચમાર્કની સ્થિતિ રહી હતી. શેરબજાર માટે આશાસ્પદ વર્ષ તરીકે આને જોવામાં આવે છે. કોર્પોરેટ કમાણીના સારા આંકડા જારી કરવામાં આવી શકે છે. મોદી સરકાર દ્વારા ઝડપથી સુધારા હાથ ધરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## ફટાફટ ન્યુઝ

- ભાજપ પ્રમુખની ચૂંટણી માટે પ્રક્રિયા ૧૦મીથી શરૂ કરાશે
- રામબાણ જિલ્લામાં ઝુંપડપટ્ટીમાં ભીષણ આગથી ૧૦ના મોત
- જોબ માર્કેટ : નવા વર્ષમાં ૧૦ લાખની નવી ભરતી
- વર્ષ ૨૦૧૬ના પ્રથમ દિવસે સેન્સેક્સમાં નજીવો ઉછાળો
- ગ્રુપ સી તેમજ ગ્રુપ ડી માટે ઇન્ટરવ્યુ પ્રથા અંતે ખતમ
- દિલ્હીના પ્રધાનો દ્વારા જાહેર પરિવહનનો ઉપયોગ કરાયો
- હવે સંસદની કેન્ટીનમાં ભોજન વધારે મોંઘુ થયું
- નવા વર્ષે દેશવાસીઓને મોદી- મુખર્જીની શુભકામના
- સેન્સર બોર્ડમાં સુધાર : શ્યામ બેનેગલના નેતૃત્વમાં હવે પેનલ

## મોદી તમામ ચૂંટણી વચનો ભુલી ગયા : અણ્ણા હઝારે

**ભ્રષ્ટાચાર-મોંઘવારી ઉપર અંકુશ મુકી શકાયો નથી : એનડીએ-યુપીએની વચ્ચે અંતર નથી : ભ્રષ્ટાચારમુક્તની વાત અધુરી : કાળા નાણા મુદ્દે પણ નરેન્દ્ર મોદી પર પ્રહાર**



રાલેગણ સિદ્ધી,તા. ૧

યુપીએ અને એનડીએ સરકાર વચ્ચે કોઈપણ પ્રકારનું અંતર નથી તેવી વાત કરીને સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હઝારેએ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જોરદાર ઝાટકણી કાઢી હતી. સાથે સાથે અણ્ણાએ ચૂંટણી વચનો ભુલી જવા બદલ તેમને યાદ અપાવવાના પ્રયાસ કર્યા હતા. મોદીને સંબોધીને લખવામાં આવેલા ત્રણ પાનાના પત્રમાં અણ્ણા હઝારેએ કહ્યું છે કે, ભ્રષ્ટાચારને રોકવા માટે લોકપાલ અને લોકાયુક્તને અમલી બનાવવાની જરૂર છે. સાથે સાથે દેશમાં ખેડૂતોની આત્મહત્યાને રોકવા માટે કૃષિ પેદાશ માટે ખેડૂતોને વાજબી ભાવ મળે તે જરૂરી છે. અણ્ણાએ યાદ અપાવતા કહ્યું છે કે, મોદીએ એ વખતે કહ્યું હતું કે, જો ભાજપ સત્તામાં આવશે તો દેશને ભ્રષ્ટાચારમુક્ત બનાવશે. ભ્રષ્ટાચારનું પ્રમાણ હજુ ઘટ્યું નથી. લાંચની ચુકવણી કર્યા વગર આજે પણ કોઈ કામ થઈ શકતું નથી. મોંઘવારીમાં પણ સ્થિતિમાં સુધારો થયો નથી. ભ્રષ્ટાચારના મામલામાં યુપીએ અને એનડીએ સરકાર વચ્ચે કોઈ અંતર નથી. તેમણે મોદીને યાદ અપાવતા કહ્યું છે કે, જ્યારે તેઓ પ્રથમ વખત સંસદમાં પ્રવેશ્યા હતા ત્યારે મંદિરની જેમ તેના ગૌરવને જાળવી રાખવાની વાત કરી હતી પરંતુ સંસદ સત્રમાં ખેંચતાણ અને દલીલોનો દોર ચાલુ રહ્યો છે. કરોડો રૂપિયા બરબાદ થઈ રહ્યા છે.

## નવા વર્ષે પ્રધાનમંત્રી વિદેશ પ્રવાસ ઘટાડશે

**ઓછી વિદેશ યાત્રા કરવા નરેન્દ્ર મોદીનો નિર્ણય : ખુબ જરૂરી હશે તો જ વિદેશ યાત્રા કરવાનો નિર્ણય : પ્રથમ છ મહિનામાં માત્ર બે વિદેશ યાત્રા : સ્થાનિક મુદ્દાઓ અને બજેટ સત્ર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાની મોદીની તૈયારી**



નવીદિલ્હી,તા. ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા વર્ષમાં વધારે પ્રમાણમાં વિદેશ યાત્રા નહી કરવાનો નિર્ણય કર્યો છે. આ વર્ષે તેમની વિદેશ યાત્રા ઓછી રહેશે. વારંવાર વિદેશ યાત્રાના કારણે મોદીને કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો તરફથી નારાજગીનો સામનો કરવાની ફરજ પડી છે. વર્ષ ૨૦૧૫માં વડાપ્રધાન એજ વખતે વિદેશ જશે જ્યારે અતિ જરૂરી રહેશે. એક અગ્રણી અંગ્રેજી અખબારે અહેવાલમાં દાવો કર્યો છે કે વિદેશ મંત્રાલને વર્ષ ૨૦૧૬માં મોદીના વિદેશ કાર્યક્રમ મર્યાદિત રાખવા માટે કહેવામાં આવ્યુ છે. હાલના કાર્યક્રમ મુજબ આ વર્ષના પ્રથમ છ મહિનાના ગાળામાં મોદી માત્ર બે વિદેશ યાત્રા કરનાર છે. વિદેશ યાત્રા પર બ્રેક મુકવાનો મતલબ

એ છે કે મોદી આ વર્ષે સ્થાનિક મુદ્દા પર વધારે ધ્યાન કેન્દ્રિત કરી શકશે. સાથે સાથે બજેટ સાથે સંબંધિત બાબતો પર વધારે ધ્યાન આપી શકશે. મે ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતિ મેળવી લીધા બાદ દેશના વડાપ્રધાન બનેલા મોદીએ છેલ્લા ૧૯ મહિનાના ગાળામાં ૩૩ દેશોની મુલાકાત લીધી છે. સાથે સાથે છેલ્લા ૧૯ મહિનામાં જ બે તૃતિયાશ વિશ્વ નેતાઓને મળી ચુક્યા છે. મોદી પર તેમની વિદેશ યાત્રા મામલે જાહેર નાણાનો ખર્ચ કરવાનો આક્ષેપ થતો રહ્યો છે. નરેન્દ્ર મોદી વર્ષ ૨૦૧૫માં ૩૩ દેશોની યાત્રા કરીને દેશ અને દુનિયામાં ચર્ચા

## બનાસ બેંકમાં ૮૦ લાખની દિલધડક લુંટ


**ગોળીબાર કરીને લુંટ ચલાવી લુંટારાઓ ફરાર : બનાવની જાણ થતા તરત પોલીસનો કાફલો પહોંચી ગયો**

અમદાવાદ, તા.૧

ધાનેરાના રવિગામ પાસે બનાસબેંકની શાખાના કર્મચારીઓ દ્વારા ધાનેરાથી લઈ જવાતા ૮૦ લાખ રૂપિયાની લૂંટ ચલાવી લૂંટારૂ ફરાર જતા સનસનાટી મચી ગઈ હતી.

બનાવ અંગે જાણ ધાનેરા પોલીસને થતાં પોલીસનો કાફલો ધાનેરા સ્થળે પહોંચ્યો હતો. લુંટના મામલામાં તપાસ હાથ ધરવામાં આવી હતી. બનાસ ડેરીના પેમેન્ટના દિવસો હોય છે ત્યારે લૂંટની ઘટનાઓ અગાઉ પણ બની હતી અને

● અનુસંધાન પાન-૭ પર



ફ્લેટ વેચવાનો છે
ફ્લેટ નં., ૩૮/૪૫૪, બે રૂમ રસોડુ, ગેલેરી, સત્યમ્ એપાર્ટમેન્ટ, સે.૨૪, ગાંધીનગર
મો. : ૯૯૨૫૨ ૮૮૨૮૪

જય શ્રી રાધે
Since. 1971...
ગરમાગરમ નાસ્તા માટેનું નવું સરનામું
સીંગતેલમાં બનાવેલ અમારા પ્રખ્યાત મેથીના ગોટા
ગાંધીનગરના પ્રખ્યાત
we know your taste ! pooja ™
LIVE ઢોકળા
નાયલોન ખમણ
પાત્રા
સમોસા
કચોરી
ખાંડવી
નવતાડ સમોસા
ચાઈનીઝ સમોસા
દાબેલી
વડાપાઉં
ભેળ તો પેથાપુરની જ...
સીંગતેલમાં બનાવેલ ચટાકેદાર ઊંધીયું દર રવિવારે મળશે.
તલના તેલમાં બનાવેલા ગરમા ગરમ તુવેર ટોઠા દરરોજ સાંજે ૫-૦૦ વાગ્યાથી મળશે.
સુખડીયા સ્નેક્સ
વસંતલાલ કાંતીલાલ સુખડીયા
મહાલક્ષ્મી - ૧ શોપીંગ સેન્ટર, પેથાપુર ચોકડી, પેથાપુર, ગાંધીનગર.
મો. ૯૮૭૯૪ ૨૪૪૨૩, ૯૪૨૯૫ ૨૪૮૧૨, ૯૫૩૭૯૬૯૮૦૬

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

આપણાં શહેરની મધ્યમાં
આયુર્વેદીક દવાઓ
બધી જ પ્રખ્યાત આયુર્વેદીક કંપનીઓની દવાઓ મળશે
Dabur ZANDU Ayurveda Products SANDU Himalaya Baidyanath NAGARJUNA PATANJALI Charak
શ્રી ભુવનેશ્વરી ઔષધાશ્રમ MNM WELL CARE ☎079-23241415 SUNDAY CLOSE
સેક્ટર-૬, ભુવનેશ્વર મહાદેવનાં મંદિરની સામે, ગાંધીનગર

ઠંડીમાં ગરમા ગરમ સાત્વિક અને સ્વાદિષ્ટ રજવાડી ખીચડી*
રજવાડી મસાલા ખીચડી
ક્રિસ્પી પકોડા
મીક્ષ કઠોળ
શિયાળાની શરૂઆત સાથે જ સ્વાદસભર મેનુમાં મજેદાર વાનગીઓનું આગમન...!
*સાંજે ૬ થી રાત્રે ૧૦ સુધી ઉપલબ્ધ
આવો, એકવાર ચાખી જુઓ... અમે આપનો સ્વાદ જાણીએ છીએ...
we know your taste! pooja ™ PARLOUR
પૂજા પાર્લર
બી-૮, ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
ફોન : 079-232 45555, 232 21162
મો. : 99099 46466